RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યૂઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 98 * Date: 28.01.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સનાતન બોર્ડ બનાવો પણ સરકારને દૂર રાખો: ધર્મ સંસદ પર બોલ્યા શંકરાચાર્ય



શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ પ્રયાગરાજના મહાકુંભમાં સનાતન બોર્ડની રચના તેમજ વક્ફ બોર્ડના વિરોધમાં યોજાયેલી ધર્મ સંસદ મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો છે કે, તેમને આમંત્રણ જ મળ્યું નથી.

તેમણે કહ્યું કે, 'મારી પણ ઈચ્છા છે કે, સનાતન બોર્ડની રચના થાય, પરંતુ આ પ્રકારના ધર્મ સંસદમાં સનાતન બોર્ડની રચના ન થઈ શકે. શંકરાચાર્યો અને આચાર્યો વગર ધર્મ સંસદમાં આવો નિર્ણય કેવી રીતે થઈ શકે. અમે પણ સનાતન બોર્ડની રચના કરવાની માંગથી સંમત છીએ, પરંતુ આચાર્યો દ્વારા જ આ બોર્ડ બનાવવું જોઈએ. ધર્માચાર્યો જ તેનું સંચાલન કરે. બોર્ડ સાથે સરકારને કોઈ લેવાદેવા ન હોવા જોઈએ.'

શંકરાચાર્યએ દાવો કર્યો છે કે, જો સરકાર બોર્ડ બનાવશે, તો તેની સ્થિતિ પણ વક્ફ બોર્ડ જેવી થશે. આપણે મુસ્લિમો પાસેથી કંઈ શીખ્યા નથી. વક્ફ બોર્ડ બનાવ્યા બાદ પણ મુસ્લિમોએ પર્સનલ લૉ બોર્ડ બનાવ્યું હતું. વક્ફ બોર્ડ ખતમ કરવાની માંગને પણ મારું સમર્થન છે.

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત અંગે પણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'અમને આશા હતી કે, તેઓ મહાકુંભમાં આવીને કોઈ મોટી જાહેરાત કરશે. તેઓ ગૌ હત્યા મુદ્દે કાયદો બનાવવાની જૂની માંગ પૂરી કરશે. ગાયને પશુના બદલે રાષ્ટ્રીય માતા જાહેર કરાશે. જોકે તેમણે હજુ સુધી આવું કર્યું નથી. અમે તેમની મુલાકાત પૂર્ણ થવા સુધી રાહ જોઈ રહ્યા છીએ.

## ચ-૫થી ઘ-૫ સર્કલ સુધીનો માર્ગ આજથી ૨૩ એપ્રિલ સુધી ૩ મહિના માટે બંધ

ગાંધીનગરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના વિસ્તરણની કામગીરી અંતર્ગત મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિગંત બ્રહ્મભટ્ટે જાહેર કર્યું છે કે, મેટ્રો પ્રોજેક્ટ ફેઝ-૨ની કામગીરી માટે ચ-૫ સર્કલથી ઘ-૫ સર્કલ સુધીનો માર્ગ આગામી ત્રણ મહિના સુધી બંધ રહેશે.આ કામગીરી ૨૭ જાન્યુઆરી સવારથી ૨૩ એપ્રિલ ૨૦૨૫ રાત્રિના ૨૪:૦૦ વાગ્યા સુધી ચાલશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૧૭/૦૨થી ૧૭/૩૩ સુધી રેલિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. વાહન વ્યવહારને સરળ બનાવવા માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે.

## કોલકાતા બળાત્કાર-હત્યાના દોષિતને ફાંસી આપવાની માંગ

કોલકાતા રેપ હત્યાના દોષિત સંજય રોયને ફાંસી આપવાની માંગ કરતી બંગાળ સરકારની અરજી પર કલકત્તા હાઈકોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. સિયાલદહ કોર્ટે ૨૦ જાન્યુઆરીએ સંજય રોયને આજીવન કેદ (મૃત્યુ સુધીની જેલ)ની સજા ફટકારી હતી અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.બંગાળ સરકારે આ નિર્ણય સામે ૨૧ જાન્યુઆરીએ કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી હતી. બંગાળ સરકારે અપીલમાં કહ્યું હતું કે સંજય રોયે કરેલા ગુના માટે આજીવન કેદ પૂરતી નથી. તેને ફાંસી આપવી જોઈએ. ઝ્રમ્ૈએ આજે ??એવી પણ દલીલ કરી હતી કે બંગાળ સરકારને અરજી કરવાનો અધિકાર નથી. તેઓ રિવિઝન ફાઈલ કરી શકે છે.હાઈકોર્ટમાં જસ્ટિસ દેબાંગ્શુ બસક અને જસ્ટિસ મો. શબ્બર રશીદીની બેંચ સમક્ષ ઝ્રમ્ૈના વકીલે અરજી કરવાના બંગાળ સરકારના અધિકારનો વિરોધ કર્યો હતો. ઝ્રમ્ૈના ડેપ્યુટી સોલિસિટર જનરલ રાજદીપ મજુમદારે કહ્યું કે બંગાળ સરકારને અરજી કરવાનો અધિકાર નથી.તેમણે દાવો કર્યો હતો કે તપાસ એજન્સી ઝ્રમ્ૈ હોવાથી, માત્ર એજન્સીને જ એ આધાર પર અરજી કરવાનો અધિકાર છે કે સજા પૂરતી નથી. ઝ્રમ્ૈએ ટ્રાયલ કોર્ટમાં ફાંસીની સજા આપવા માટે પણ અપીલ કરી હતી.બંગાળ સરકારના એડવોકેટ જનરલ કિશોર દત્તે કહ્યું કે ફરિયાદી એજન્સી, પરિવાર, દોષિત ઉપરાંત રાજ્ય પણ સજા સામે અપીલ કરી શકે છે. તેમણે કહ્યું કે શરૂઆતમાં કોલકાતા પોલીસ કેસની તપાસ કરી રહી હતી. આ કેસ ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ઝ્રમ્ૈને સોંપવામાં આવ્યો હતો.સિયાલદહ કોર્ટે ૧૮ જાન્યુઆરીએ સંજયને દોષિત જાહેર કર્યો હતો. જસ્ટિસ અનિર્બાન દાસે ઘટનાના ૧૬૪મા દિવસે સજા પર ૧૬૦ પાનાનો ચુકાદો સંભળાવ્યો હતો. દાસે ચુકાદામાં કહ્યું હતું કે આ કેસ રેરેસ્ટ ઓફ રેર કેટેગરીમાં આવતો નથી, તેથી મૃત્યુદંડની સજા કરવામાં આવી નથી. ઝ્રમ્ૈ અને પીડિતાના પરિવારે ફાંસીની સજાની માંગ કરી હતી.

સંજય રોયના વકીલ સેંજુતિ ચક્રવર્તીએ ભાસ્કરને જણાવ્યું હતું કે, 'અમે મૃત્યુદંડ આપતી વખતે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખવા માટે કોર્ટ સાથે દલીલ કરી હતી.

## કેજરીવાલે રેવડીની વહેંચણી શરૂ કરી:મહિલાઓને દર મહિને ૨૧૦૦ રૂપિયા, વૃદ્ધોને ફ્રી સારવાર અને પાણીનું બિલ માફ કરશે એવી ૧૫ ગેરંટી આપી

આમ આદમી પાર્ટીએ સોમવારે દિલ્હી માટે પોતાનો ચૂંટણી મેનિફેસ્ટો જાહેર કર્યો. પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હી માટે ૧૫ પાર્ટી ગેરંટીની જાહેરાત કરી છે. જેમાં રોજગાર, મહિલા સન્માન, વૃદ્ધોને મફત સારવાર અને મફત પાણીની ગેરંટી જાહેર કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે જો દિલ્હીમાં સરકાર બનશે તો લાખો લોકોના પાણીના બિલ માફ કરવામાં આવશે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે ભાજપનો મેનિફેસ્ટો સાવ નકલી છે.કેજરીવાલે કહ્યું કે અમે વર્ષ ૨૦૨૦માં કરેલાં ત્રણ વચનો પૂરાં કરી શક્યાં નથી. જે હવે પૂર્ણ કરીશું. જેમાં યમુનાની સફાઈ, યુરોપની જેમ રસ્તાઓ બનાવવા અને ૨૪ કલાક પાણી માટે કામ કરવાનો સમાવેશ થાય છે. કેજરીવાલે કહ્યું કે આજે હું કબૂલ કરું છું કે છેલ્લાં ૫ વર્ષમાં હું આ વચનો પૂરાં કરી શક્યો નથી. કોરોના અઢી વર્ષ સુધી ચાલ્યો ત્યારબાદ જેલ-જેલ રમત રમી. મારી આખી ટીમ વિખેરાઈ ગઈ.તેમણે કહ્યું કે હવે અમે બધા જેલની બહાર છીએ. હું આ ત્રણેય વસ્તુઓ દિલ્હીમાં જોવા માગું છું એ મારું સપનું છે. અમે ત્રણેય કાર્યો આગામી ૫ વર્ષમાં પૂર્ણ કરીશું. અમારી પાસે આ માટે ફંડ અને યોજના પણ છે.કેજરીવાલે કહ્યું- જો કમળનું બટન દબાવી દીધું તો ૨૫ હજાર રૂપિયા દર મહિને વધારે ખર્ચ થશે. આટલી બચત અમારી સરકારના લીધે જ થઈ રહી છે.




હું નથી માનતો કે ગરીબ વ્યક્તિ ૨૫ હજાર રૂપિયાનો ભાર ઉઠાવવામાં સક્ષમ છે. અનેક લોકોએ દિલ્હી છોડીને જવું પડશે. વોટિંગમાં કમળનું બટન દબાવશો તો ચારેય બાજુ કાદવ જ કાદવ રહેશે.કેજરીવાલે કહ્યું કે નસીબથી અમારી પાસે શિક્ષિત ટીમ છે, તેમની જેમ અભણ નથી. રોજગાર દિલ્હીનાં દરેક બાળકોને મળે. આ અંગે પ્લાનિંગ કરી રહ્યા છીએ. દરેક મહિલાને ૨૧૦૦ રૂપિયા દર મહિને મળશે.કેજરીવાલે કહ્યું કે પાણીના ખોટા બિલ આવવાની ફરિયાદ હતી. પહેલાં પાણીનું બિલ ઝીરો હતું. ષડ્યંત્ર કરીને મને જેલ મોકલી દેવામાં આવ્યો. પછી ખબર નહી કેમ પાણીનું બિલ હજારો રૂપિયા વધી ગયું. જેમનાં ખોટાં બિલ આવ્યાં છે, તેમણે બિલ ભરવાની જરૂર નથી. બિલ માફ કરી દેવામાં આવશે.૪. ગટર કેજરીવાલે કહ્યું કે જ્યારે જેલમાં હતા ત્યારે અનેક જગ્યાએ ગટરમાં સિમેન્ટ અને પથ્થર નાખી દેવામાં આવ્યા જેથી જનતા મારાથી નારાજ થઈ જાય. હવે જ્યાં-જ્યાં ગટર લોક થઈ ગઈ છે, ઓવરફ્લો છે, તેને સરકાર બન્યા પછી ૧૫ દિવસમાં જ ઠીક કરી દઈશું. વર્ષ દોઢ વર્ષમાં જ ગટરની લાઈન ચેન્જ કરી દઈશું. કેજરીવાલે વિદ્યાર્થીઓને ડોક્ટર આંબેડકર સ્કોલરશિપ યોજના હેઠળ સ્કોલરશિપ આપવાની ગેરંટી આપી છે.

### માઉન્ટ આબુ ફરવા ગયેલા પરિવારના ઘરમાં ચોરી

## કલોલના રતનપુર ગામે બારી તોડી ૪.૮૦ લાખના સોનાના દાગીના લઈ તસ્કરો ફરાર

કલોલ તાલુકાના રતનપુર ગામની સેન્ટોસા ગ્રીન લેન્ડ સોસાયટીમાં રહેતા એક પરિવારના બંધ મકાનમાં ચોરોએ હાથફેરો કર્યો છે. મિનેશભાઈ કૃષ્ણકાંતભાઈ દેસાઈ તેમના પરિવાર સાથે ૨૪ જાન્યુઆરીએ સવારે ૭ વાગ્યે માઉન્ટ આબુ ફરવા ગયા હતા. બીજા દિવસે મોડી રાત્રે પરત ફર્યા ત્યારે તેમના ઘરના બેડરૂમનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો.તપાસ કરતા જાણવા મળ્યું કે, ઘરના પાછળના



ભાગની બારીની લોખંડની ગ્રીલના સળિયા તોડી ચોરોએ પ્રવેશ કર્યો હતો. ઘરમાં તિજોરી અને કબાટો ખુલ્લા હતા અને સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. ચોરોએ તિજોરીમાંથી કુલ ૪.૮૦ લાખની કિંમતના સોનાના દાગીના ચોરી કર્યા હતા, જેમાં બે સોનાની ચેન (રૂ.૧.૪૦ લાખ), સોનાનું બ્રેસલેટ (રૂ.૪૦ હજાર), સોનાની બુટ્ટી (રૂ.૪૦ હજાર), સોનાની વીંટી (રૂ.૪૦ હજાર), સોનાના ચૂડા (રૂ.૮૦ હજાર) અને સોનાની બંગડી (રૂ.૧.૪૦ લાખ)નો સમાવેશ થાય છે.મિનેશભાઈએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરમાં બેવડી ઋતુનો અહેસાસ:સવારે અને રાત્રે ઠંડીનો ચમકારો, તાપમાનનો પારો ૧૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો

ગાંધીનગરમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાય છે, જ્યારે બપોરે આકરી ગરમી પડે છે. આજે સવારે તાપમાનનો પારો ૧૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો, જે દિવસ દરમિયાન વધીને ૩૦ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે.હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી મુજબ, ઉત્તર ગુજરાતમાં ૨૭ જાન્યુઆરી સુધી ઠંડી યથાવત રહેશે. ૨૮ જાન્યુઆરીથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાનમાં પરિવર્તન આવી શકે છે અને અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા



મળી શકે છે.ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ઉત્તર અને દક્ષિણ ગુજરાતના અનેક ભાગોમાં માવઠાની શક્યતા છે. પંચમહાલમાં વરસાદી છાંટા પડી શકે છે અને મધ્ય ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. અંબાલાલ પટેલે ૧૯ ફેબ્રુઆરી બાદ રાજ્યમાં આકરી ગરમીની આગાહી પણ કરી છે.ગાંધીનગરમાં આજે સવારે ચોખ્ખું આકાશ જોવા મળ્યું છે અને ઉત્તરપૂર્વ દિશામાંથી ૨ માઈલ પ્રતિ કલાકની ઝડપે હળવો પવન ફૂંકાઈ રહ્યો છે. આ બેવડી ઋતુના માહોલમાં લોકોને સવાર-સાંજ ગરમ વસ્ત્રો પહેરવાની અને બપોરે હળવા કપડાં પહેરવાની સલાહ આપવામાં આવે છે.

તંત્રી લેખ....

# રેલિગર કંપની ખરીદવા અમેરિકાના ગુજરાતી ઉદ્યોગપતિ મેદાનમાં

રેલિગર એન્ટરપ્રાઈઝિસ હસ્તગત કરવાની દોડમાં ડાબરના પ્રમોટર ગ્રૂપ બર્મન ફેમિલી સામે મૂળ ગુજરાતી અમેરિકન ઈન્વેસ્ટર દિગ્વિજય ગાયકવાડ ઉતર્યા છે. દિગ્વિજય ગાયકવાડે રેલિગરનો ૨૬ ટકા હિસ્સો ખરીદવા માટે શેરદીઠ રૂ. ૨૭૫ના ભાવે બીડ રજૂ કર્યા છે, આ ઓફર બર્મન ફેમિલીના રૂ. ૨૩૫ પ્રતિ શેર સામે ૧૭ ટકા પ્રીમિયમ સાથે રજૂ કરવામાં આવી છે. ગાયકવાડના બીડ રેલિગરની ૯૦ દિવસની સરેરાશ કિંમત કરતાં ૨૪ ટકા વધુ છે.વડોદરામાં જન્મેલા અમેરિકન આંત્રપ્રિન્યોર દિગ્વિજય ગાયકવાડે એનબીએફસી સેક્ટરમાં રેલિગરના ગ્રોથ અને ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખતાં અન્ય બીડર બર્મલ ફેમિલી કરતાં ૧૭ ટકા પ્રીમિયમે બીડ રજૂ કર્યા છે. તેમણે સેબી સમક્ષ ફાઈલિંગમાં બર્મન બીડ વિશે ચિંતા પણ વ્યક્ત કરી છે કે, બર્મન ફેમિલીએ રેલિગરની સંભવિતતાને ઓછી આંકી નીચા ભાવે બીડ ભર્યા છે. તેમજ બર્મન ગ્રૂપે આરબીઆઈની શરતી મંજૂરીનો ખુલાસો પણ કર્યો નથી. આરબીઆઈએ બર્મન ગ્રૂપની વિવિધ એનબીએફસીને એકીકૃત કરવાની યોજનાના ભાગરૂપે મંજૂરી આપી હતી.ગાયકવાડ રેલિગરનો ૫૩ ટકા હિસ્સો હસ્તગત કરી ભારતના એનબીએફસી બિઝનેસમાં પ્રવેશ કરવા માગે છે. તેમણે જણાવ્યું હતું કે, હજી સુધી તેમના ગ્રૂપે કોઈ પણ એનબીએફસીમાં રોકાણ કર્યું નથી. રેલિગર એન્ટરપ્રાઈઝિસના સ્થિર અને ટકાઉ પર્ફોર્મન્સ તથા પ્રતિબદ્ધ લીડરશીપને ધ્યાનમાં રાખતાં તે શરૂઆતમાં ૨૬ ટકા હિસ્સો હસ્તગત કરવા માગે છે. બાદમાં ૫૩ ટકા સુધી હિસ્સો હસ્તગત કરશે.દિગ્વિજય ગાયકવાડ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કરી અમેરિકા સ્થાયી થયા હતાં. જ્યાં ફ્લોરિડાના ઓક્લામાં છેલ્લા ત્રણ દાયકાથી સફળ બિઝનેસમેન તરીકે પ્રસિદ્ધ છે. તેઓ એનડીએસ યુએસએ, આઈટી અને ક્લાઉડ સર્વિસિઝ કંપનીમના ફાઉન્ડર છે.

# તમારી વિશે અનાપશનાપ બખાળો કરનારને ભ્રકુટિવિલાસ કરી તેનું કામ તમામ કરી નાંખો પ્રભો!!!

અમને પાકી શંકા હતી. કંઇક તો ગરબડ છે. બિલકુલ ઢમ ઢોલ માંહે પોલ જેવું . વાઘને કોણ કહે કે તારું મોંઢું ગંધાય છે. તું સારા માયલી ટુથપેસ્ટથી બ્રશ કર. ઉલિયાથી ઉલ ઉતાર. ગંગાજળથી કોગળા કર. માઉથ વોશનો ઉપયોગ કર. માઉથ ફ્રેશનર મોંઢામા રાખ. પરંતુ, વાઘ માને તો ને?? બિલાડીના ગળે ઉંદરડા ઘંટી બાંધી શકતા નથી. વરસોથી ચણચણાટ થતો હતો.કોઇ નક્કર બાબત મળતી નથી. આજ હોય ત્યાં ધૂમાડો હોય. સિઝરની પત્ની શંકાથી પર હોવી જોઇએ. શંકા ભૂત અને મંછા ડાકણ . અમે શંકા કરીએ તો તે પણ ન કરવા દો. પાણી પહેલાં પાળ બાંધો. તમે તો ભગવદ ગીતામાં કહી દીધું કે શંકા કરનાર આત્માનો વિનાશ થાય છે. સંશયાત્મા વિનિશ્યનતે! લો કર લો બાત. તમે મોં ખોલીને જસોદામાને બ્રહ્માંડની દર્શન કરાવ્યાનો દાવો કરો. અમે મોં પણ ખોલી ન શકીએ. જો મોં ખોલીએ તો તમને બગાસા દર્શન થાય!! એની માનેપ!

અમને ખબર હતી કે આગણીસ એકયાશીનો તફાવત હશે . અપિતું, ઓગણીસ એકયાશીનો ફરક હશે તેની કલ્પના ન હતી . અને માની લીધેલ કે દાળ કાળી છે પણ તપેલું પણ કાળું હશે તેની કલ્પનાન ન હતી. આપની બ્રહ્માંડ પ્રતિમા ચકનાચુર થઇ ગઇ. સ્વયં ભગવાન માટી પગા!! અસંભવ પણ અમારા કેટલાક લોકો એવરેસ્ટ ખોદીને સાવજ શોધી લાવ્યા છે!!!

અમને ખબર છે કે આપ સ્વયં સૂર્ય સમાન દૈદેપ્યિમાન છો. તમારા પર ધૂળ ઉડાડીએ તો અમારા જ વસ્ત્રો મલિન થાય!! છતાં કાનાફૂસી થાય છે, ટીકા થાય છે એટલે અમારે લખવું પડે છે. પ્રભો કોઇ વિધર્મી આડું અવળું બોલે તો એમની જીભ કાપી નાંખીએ. તમે ભલે કોઇને બળજબરીથી તમારી જયજયકાર કરવાની ફરજ પાડી નથી. તમારી શોભાયાત્રામાં તીર કામઠા સિવાય અસ્ત્ર શસ્ત્રનું પ્રદર્શન કર્યું નથી. અમે તો શોભાયાત્રામાં તલવાર,ભાલાનું પ્રદર્શન કરે છે. વિધર્મીને ગાળો ભાંડે છે . વિધર્મીની ધાર્મિક સ્થળે ઉન્માદ ભરેલો બકવાસ કરે છે. કોઇને અન્ય ધર્મના અનુયાયીઓને પરાણે તમારું નામ બોલવાની ફરજ પાડે છે. સનાતન ધર્મ આ પ્રકારની ફરજ પાડતો નથી.

દેવી દેવતાનું ચલચિત્ર, કથાઓમાં પેઉન્ટીગમાં અશ્લીલ ચિત્ર કરવું પગલંછણીયા પર ભગવાનના ચિત્રો મુકવા જેવી હરકત વિદેશોમાં થઇ રહી છે'સ

આપણા સધાર્મિક લોકો તળિયા વગરના લોટા છે. આખી દુનિયા તમને ભગવાન તરીકે પ્રસ્થાપિત કરી ચુકી છે. પણ આ અદાર્શનિકો તમને માટીના માણસ માને છે. એટલે એ ચંબુઓ તમારા દેવી અસ્તિત્વ પર પ્રહાર કરવાની કોશિશ કરે છે. બિહારના શિક્ષણ ખાતાના અગૂઠાછાપ શિક્ષણમંત્રી ડો.ચંદ્રશેખરે ( નફરત અને ઘૃણા ફેલાવવામાં પીએચડી કરેલ હશે!!). રામચરિત માનસ દલિતો-પછાત અને મહિલાઓને સમાજમાં અભ્યાસ કરતા અટકાવે છે. તેમને તેમના હક મેળવવાથી અટકાવે છે. પટનામાં નાલંદા ઓપન યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધતા બિહારના શિક્ષણ મંત્રી ચંદ્રશેખરે રામચરિત માનસ ને નફરતનું પુસ્તક ગણાવ્યું છે. રામચરિત માનસ ને સમાજમાં ભાગલા પાડનાર પુસ્તક ગણાવ્યું હતું

પાગલ કૂતરું કરડ્યું હોય તેમ અનાપસનાપ બકવાસ કરનાર ચંદ્રશેખરના સમાચારની શાહી સુકાઈ નથી ત્યાં જેમના નામમાં સ્વામી જેવો ભારેખમ અને આધ્યાત્મિક શબ્દ વિહિત છે તેવા અને પક્ષપલટામાં પીએચડી તેવા સ્વામી પ્રસાદ મૌર્યે પણ વટાણા વેર્યા ચોકમાં જેવો બખડજંતર ત્રિતાલ આલાપ્યો.સ્વામીપ્રસાદ મૌર્યે વિવાદિત નિવેદન આપી મામલો વધુ ગરમ કર્યો છે.રામચરિતમાનસમાં દલિતો અને મહિલાઓનું અપમાન કરવામાં આવ્યું છે. તુલસીદાસે ગ્રંથને પોતાની ખુશી માટે લખ્યું હતું. કરોડો લોકો તેને વાંચતા નથી. ' આ ગ્રંથને બકવાસ કહેતાં તેમણે સરકારને આ ગ્રંથ પર પ્રતિબંધ મૂકવાનું સૂચન આપ્યું હતું. મૌર્યના મતે બ્રાહ્મણ ભલે દુરાચારી, અભણ હોય પરંતુ તે એક બ્રાહ્મણ છે. તેને પૂજનીય કહેવાયું છે. પરંતુ શૂદ્ર કેટલોય જ્ઞાની હોય તેનું સન્માન ન કરો. મૌર્યએ પ્રશ્ન ઊઠાવ્યો કે શું આ જ ધર્મ છે? જે ધર્મ આપણું સત્યાનાશ ઈચ્છે છે . ધર્મનાં ઠેકેદારો જ ધર્મ વેંચી રહ્યાં છે. ધીરેન્દ્ર શાસ્ત્રી ઢોંગ ફેલાવી રહ્યાં છે. તેવા લોકોની સામે કાર્યવાહી કરવી જોઈએ.'

આટલું અધૂરું હોય ત્યાં કે. એસ. ભગવાન નામના કન્નડ લેખકે બળતામાં ઘી હોમ્યું . કન્નડ લેખક અને નિવૃત્ત પ્રોફેસર કે.એસ.ભગવાને ભગવાન શ્રી રામ પર વાંધાજનક ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે ભગવાન રામ બપોરે સીતા સાથે બેસીને રાત્રે એકલા દારૂ પીતા હતા. તેમણે પોતાની પત્ની સીતાને વનમાં મોકલી દીધી અને તેમને તેમની કોઈ પરવા ન હતી. તેઓએ ઝાડ નીચે તપસ્યા કરી રહેલા શૂદ્ર શંભુકનું માથું કાપી નાખ્યું. તે આદર્શ કેવી રીતે હોઈ શકે?

રામ રાજ્ય બનાવવાની વાત થઈ રહી છે.વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડનું વાચન દર્શાવે છે કે રામ આદર્શ નહોતા. તેમણે ૧૧ હજાર વર્ષ સુધી શાસન નથી કર્યું, પરંતુ માત્ર ૧૧ વર્ષ સુધી શાસન કર્યું હતું એવો દાવો કરેલો છે.

આ બકવાસભૂષણો કયા કારણસર બકવાસ કરતા હશે એ તેમનો રાવણ જાણે.( ભગવાન રામ વિરૂધ્ધ બખાળો કરે તો રામ કયાંથી જાણે??) એમ તો અયોધ્યાનો ધોબી પણ ભગવા રામ માટે ભદ્દી ટીકા કરી ચૂક્યો હતો.

પ્રભુ આપ પણ ઓછા નથી. વાલીએ અનુજ સુગ્રીવ પર અત્યાચાર કર્યા એ તેમનો અંગત મામલો હતો. તમે વાલીને પક્ષ રજૂ કરવાની તક આપી નહી તેની પાસે મદદનો હાથ લંબાવ્યો નહી. વાલીને કપટથી માર્યો એ બરાબર ન કહેવાય!! એ જ રીતે પિતાના સદૈવ આજ્ઞાંકિત ગણાતા હતા.જયારે ખુદ દશરથ રાજાએ સંદેશાવાહકને જંગલમા દોડાવી રામને પરત લાવવા આદેશ આપ્યો . ભગવાન રામ ટસના મસ ન થયા. એટલે જ તુલસીદાસ બાબાએ પિતા બચન નહીં માનત હો જેવી ચોપાઇ લખી હતી!!

પ્રભો આપની સામે થૂંક ઉડાડવાની ધૃષ્ટતા થઇ રહી છે. એ સ્થિતિમાંથી ભગવાન કૃષ્ણ પણ પસાર થયેલા હતા. તેના સમકાલીનો તેને પરમ શકિતશાળી પરમાત્મા સ્વીકારવાના બદલે ગોવાળિયો, ભરવાડ માનતા હતા. તેના કઝીન શિશુપાળે ભગવાનને ભાંડ્યા હતા. શિશુપાળની માતાને ભગવાને નવાણુ ગાળ સહન કરવાનું વચન આપેલ. જ્યારે શિશુપાળે ગાળની સંખ્યા ડબલ ફિગરને બદલે ટ્રિપલ ફિગર ક્રોસ કરી કે ભગવાને સુદર્શન ચક્રથી શિશુપાળનું મસ્તિક ધડથી અલગ કરેલ. આપણા કાયદામાં નવાણુ ગુનેગાર છટકી જાય,પરંતુ એક નિર્દોષને દંડ ન મળવો જોઇએ સિધ્ધાંતની પાછળ શિશુપાળનો નવાણુ ગાળ સુધી મળેલ અભયવચન કેન્દ્ર સ્થાને હશે તેવું રાજુ રદીનું પૂર્વાનુમાન છે!!!

સદબુધ્ધિનો સ્ટોક કેટલો હશે તેની અમને ખબર નથી. જેટલો પણ સદબુધ્ધિનો સ્ટોક હોય એટલો સ્ટોક રામ વિરોધીને આપો. જેથી તમારા વિશે વધુ બખાળો કરતા થનગન ભૂષણોને અંકુશમાં કરી શકાય !! નહીતર પૃષ્ઠ ભાગે લાત મારી શકાય!!

ભગવાન આવા કંટકોને ચાખડી નીચે કચડી નાખવામાં ભલાઇ છે. આવા પાગલ વિકૃતોને આપના પ્રચંડ સામર્થ્યની કયાં ખબર છે)? પ્રભો એકાદ ભ્રકુટિ વિલાસ કરી પાગલોનું કામ તમામ કરવા અનુરોધ છે. જેથી બીજા પાગલો બકવાસ કરી ન શકે!! બીજું તો શું કહીએ? જેસી ક્રિશન પ્રભો!!!

ભરત વૈષ્ણવ

## શ્રીલંકાની સરકારે અદાણી સાથેનો

# વીજ ખરીદ એગ્રીમેન્ટ કેન્સલ કર્યો:અમેરિકામાં ગૌતમ અદાણી સામે ભ્રષ્ટાચારના આરોપોને કારણે નિર્ણય



શ્રીલંકાએ અદાણી ગ્રૂપ સાથેનો પાવર પરચેઝ એગ્રીમેન્ટ કેન્સલ કરી દીધો છે. સરકારે મે ૨૦૨૪માં અદાણી વિન્ડ પાવર કોમ્પ્લેક્સ પાસેથી પાવર ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કંપની શ્રીલંકાના મન્નાર અને પુનેરી તટીય વિસ્તારોમાં આ ૪૮૪ મેગાવોટ વિન્ડ પાવર કોમ્પ્લેક્સ બનાવવા જઈ રહી છે.શ્રીલંકાની સરકારે આ પાવર કોમ્પ્લેક્સમાંથી પ્રતિ કિલોવોટ૦.૦૮૨૬ ડોલર (વર્તમાન મૂલ્ય - અંદાજે રૂ. ૭.૧૨ રૂપિયા)ના દરે વીજળી ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. સૂત્રોને ટાંકીને છલ્લૅએ આ એગ્રીમેન્ટ કેન્સલ કરવાની માહિતી આપી છે. અહેવાલો અનુસાર, સરકારે વીજળી ખરીદવાનો ઈનકાર કર્યો છે, પ્રોજેક્ટ બંધ કરવામાં આવ્યો નથી.રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેના વહીવટીતંત્રે પણ ગ્રુપ કંપનીઓના સ્થાનિક પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરી છે. શ્રીલંકાના કેટલાક એક્ટિવિસ્ટે આ પ્રોજેક્ટને પડકાર્યો હતો, એવી દલીલ કરી હતી કે ઘણા નાના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ અદાણીની સરખામણીમાં બે તૃતીયાંશ ભાવે પાવર વેચી રહ્યા છે. આ સિવાય પર્યાવરણની ચિંતાને કારણે કંપની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં એક અલગ કેસ ચાલી રહ્યો છે.અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીને અબજો રૂપિયાની લાંચ અને છેતરપિંડીના આરોપમાં સમન્સ મોકલવાનું યુએસ સિક્યોરિટીઝ એન્ડ કમિશનની સત્તામાં નથી. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં આ દાવો કરવામાં આવ્યો છે. તેમાં કહેવાયું છે કે સમન્સ યોગ્ય રાજદ્વારી માધ્યમથી મોકલવા પડશે.ગૌતમ અદાણી સહિત ૮ લોકો સાથે સંબંધિત આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. એડવોકેટ વિશાલ તિવારીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને આ મામલે તપાસની માંગ કરી છે. પિટિશનમાં અદાણી ગ્રૂપ સામે શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા આરોપોમાં માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં ખામીઓનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો અને સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયાની વિશ્વસનીયતા પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

# બ્રેકડાઉન થયેલી બસ રિપેર કરતા બે ફોરમેનના મોત:આઈસરે ટક્કર મારતા બંને ૨ બસ વચ્ચે કચડાયા



અમદાવાદ શહેરના ઘોડાસર વિસ્તારમાં નવા ઓવરબ્રિજ પર બ્રેકડાઉન થયેલી છર્સ્જીની બસ રિપેર કરી રહેલા બે ફોરમેન ૨ બસ વચ્ચે ચગદાઈ જતા મોત નિપજ્યા છે. બ્રિજ પર જ્યારે બંને બસ વચ્ચે ફોરમેન કામ કરી રહ્યા હતા ત્યારે જ પાછળથી એક આઈસરે ટક્કર મારતા બંનેના મોત નિપજ્યા હતા. ઘટનાના પગલે છર્સ્જી અને પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળ પર પહોંચ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદના ઘોડાસરમાં આવેલા કેડીલા બ્રિજ પર બ્રેકડાઉન થયેલી બસને લઈ જવા માટે આવેલા છર્સ્જીના બે ફોરમેનના મોત નિપજ્યા હતા. એક બસ બ્રેકડાઉન થઈ હોય છર્સ્જીના ફોરમેન ટોઈંગ કરવા આવ્યા હતા. ત્યારે બ્રિજ પર ટોઈંગનો વાયર તૂટી જતા બંને ફોરમેન રિપેર કરી રહ્યા હતા ત્યારે જ પાછળથી આવેલા આઈસરે એક બસને ટક્કર મારી હતી. જેના કારણે બંને બસોની વચ્ચે કામ કરી રહેલા બંને ફોરમેનના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.ઘટનાના પગલે ડીસીપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળ પહોંચ્યો હતો.

છર્સ્જીના ટ્રાફિક વિભાગના ડાયરેક્ટર જનકભાઈ રાવલે જણાવ્યું હતું કે ઘોડાસર ઓવર બ્રિજ ઉપર થયેલા અકસ્માતમાં બે ફોરમેનના મૃત્યુ નીપજ્યા છે. બંને ફોરમેન છર્સ્જીના કર્મચારી નહિ પરંતુ આદિનાથ બલ્ક કેરિયર નામના ખાનગી બસ ઓપરેટરના કર્મચારી હતા.

# ડીસા માં ૭૬માં પ્રજાસત્તાક દિન ની આનં બાન અને શાન સાથે ઉજવણી કરાઈ



ડીસા અમનપાર્ક ખાતે આવેલ જે ડી મેમણ તથા ઈકરા માધ્યમિક શાળા ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિવસ ની ધામ ધૂમ થી ઉજવણી કરી હતી આ પ્રસંગે શાળા ના ટ્રસ્ટી સમીરભાઈ મેમણ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શાળા ના બાળકો દ્વારા પ્રભાત ફેરી હુસેની ચોક થી બિહારી બાગ થઈ સ્કૂલ પરત ફરી જેમાં શાળા માં બાળકો દ્વારા હાથ માં ઝંડા સાથે સૂકી રોટી ખાયેગે દેશ કો બચાયેગે જેવા સૂત્રો પોકારી પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી કરી હતી જ્યારે શાળા ના બાળકો દ્વારા સાસ્કૃતિક કાર્યકમો કરી સૌને ચકિત કરી દીધા હતા આ પ્રસંગે શાળા ના પ્રમુખ હાજી હનીફભાઈ મેમણ એ જણાવ્યું કે ૨૬ વર્ષ થી શાળા ને પૂરા થતા મુરાદ ભાઈ શેખ તથા મર્હુમ હાજી તહિરહુસેન્ ને યાદ કરી તેમની કુરબાની ને બિરદાવી હતી આ પ્રસંગે શાળા ના પ્રમુખ હાજી હનીફભાઈ મેમણ તથા

શેખ એહમદ વકીલ, સમીર ભાઈ મેમણ , મુસ્તકીમ ભાઈ મેમણ વકીલ,

# ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડે ગુજરાતના રાજકોટમાં માવડી ખાતે નવું બેન્કિંગ આઉટલેટ લોન્ચ કરીને પહોંચ વિસ્તારી

રાજકોટ, ગુજરાત, ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૫– ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડ (ઉત્કર્ષ એસએફબીએલ) આ લોન્ચ સાથે તેનું નવું બેન્કિંગ આઉટલેટ શરૂ કરવાની ઘોષણા કરવા માટે ખુશી અનુભવે છે. આ વિસ્તરણ નાણાકીય સમાવેશકતા વધારવાની અને રાજકોટના માવડીના રહેવાસીઓને મહત્ત્વપૂર્ણ બેન્કિંગ સેવાઓ પૂરી પાડવાની બેન્કની કટિબદ્ધતા અધોરેખિત કરે છે. આ લોન્ચ સાથે બેન્કનાં દેશભરમાં ૧૦૪૩ બેન્કિંગ આઉટલેટ્સ થયાં છે અને ગુજરાત રાજયમાં ૨૦ આઉટલેટ્સનો સમાવેશ થાય છે.

આ વિસ્તરણ પર બોલતાં ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી ગોવિંદ સિંહે જણાવ્યું હતું કે, ''રાજકોટના માવડીમાં અમારું નવું બેન્કિંગ આઉટલેટ શરૂ કરાયું તે ગુજરાતમાં નાણાકીય સમાવેશકતા બહેતર બનાવવાની અમારી કટિબદ્ધતા દર્શાવે છે. રાજકોટ સાંસ્કૃતિક વારસો અને વેપાર સાહસિક ઊર્જાથી સમૃદ્ધ શહેર છે, જ્યારે માવડી તેની ઝડપથી વૃદ્ધિ પામતી શહેરી ક્ષિતિજ આલેખિત કરે છે. અમે માવડીના રહેવાસીઓને જરૂરી નાણાકીય સ્થિતિસ્થાપકતા હાંસલ કરવા અને સમુદાયના લાંબા ગાળાના વિકાસને ટેકો આપીને સક્ષમ સંપત્તિ નિર્માણ કરવા માટે સાધનો પૂરાં પાડવાનું લક્ષ્ય રાખ્યું છે.''




બેન્ક તેના ગ્રાહકોને ઘણી બધી નાણાકીય પ્રોડક્ટો અને સેવાઓ પૂરી પાડવા સુસજ્જ છે, જેમાં બચત અને ચાલુ ખાતાં, ફિક્સ્ડ ડિપોઝિટ્સ અને રિકરિંગ ડિપોઝિટ્સનો સમાવેશ થાય છે. ગ્રાહકોની આકાંક્ષાઓને પહોંચી વળવા માટે બેન્ક હાઉસિંગ લોન, બિઝનેસ લોન અને લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી જેવી વિવિધ લોન યોજનાઓ ઓફર કરે છે.

બેન્કિંગ આઉટલેટના તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ બેન્કિંગ ક્ષમતાઓ અને એટીએમ નેટવર્ક સાથે બેન્ક અખંચજ ગ્રાહક સેવા ઓફર કરે છે. ઉપરાંત બેન્ક ઈન્ટરનેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) અને કોલ સેન્ટર જેવી ઘણી બધી ચેનલો ઓફર કરે છે.ઉત્કર્ષ એસએફબીએલનું લક્ષ્ય માઈક્રો-બેન્કિંગ લોન (જેએલજી લોન), એમએસએમઈ લોન, હાઉસિંગ લોન અને લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી વગેરે સહિત સમાજના અન્ય વર્ગોને પહોંચી વળવા સાથે વંચિત અને પહોંચી નથી શકાયા તેવા ગ્રાહક વર્ગોને નાણાકીય સેવાઓ પૂરી પાડવાનું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**N. O. G. S! S. No. 0102.**
વિષય :- ચિત્રાઈ જઈશ હું તારા રંગે તું શરૂઆત તો કર થોડા સ્નેહના રંગથી.
શીર્ષક:- ચિત્રાઈ જઈશ હું તારા રંગે તું શરૂઆત તો કર થોડા સ્નેહના રંગથી.
પ્રકાર :- પદ્ય શબ્દસંખ્યા:-૧૦૦.

હે કૃષ્ણ કનૈયા હું તો તારા રંગે રંગાઈ છું વર્ષોથી ,
છોડી દુનિયાની માયાના બંધનો છોડ્યું આખું જગ.
ચિત્રાઈ જઈશ હું તારા રંગે તું થોડી શરૂઆત તો કર સ્નેહના રંગથી.
તું છો અખિલ બ્રહ્માંડ નાયક ચૌદભુવનનો નાથ.
જગતનો પાલનહાર જગતનો નિયંત્તા.
રોજ તારું મુખડું જોવા તજુ ઘરના અનેક કામ,
ચિત્રાઈ ગઈ હું તારા રંગે ઝંખું તારા સ્નેહને.
કર કૃપા મુજ પર રંગીદે તારા રંગમાં,
લોકો ઓળખે તને હજાર નામોથી,
પણ મારો તો તું છે કૃષ્ણ કનૈયો.
કરું તારી સેવા નવધા ભક્તિની રીતે,
ચિત્રાઈ ગઈ છું હવે તારા રંગે.
અનુભવું છું તારા સ્નેહનો રંગ,
હે કૃષ્ણ કૃપા કર મારું જીવન તારા ચરણે.
રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog Sso No: 229**
વિષય : ચિત્રાઈ જ ઈશ હું તારા રંગે તું શરૂ કર થોડાં સ્નેહનાં રંગોથી
શિર્ષક:રાધેશ્યામની રસવંતી રાસલીલા
પ્રકાર: પદ્ય શબ્દો: ૧૫૦

કાન ઉભો વગાડે છે વાંસળી ,
તાંન છેડે સુંવાળી સ્નેહ કેરી ;

અધિક અમરત વરસે ગગનગોખથી ,
સૃષ્ટિ નાચે નવિન તરંગથી ;

નાદ મધૂરો નીકળે વેણુ વાગતાં ,
નાચે નટવર ઉર કેરા ઉમંગથી ;

સઘળી સૃષ્ટિનો નાથ શામળો ,
તે માખણ ચોરે નંદગામમાં ;

દાણ મહિનાં માંગીને મોહન છેડતો ,
ટોળી ગોવાળો કેરી સંગે રાખતો ;

ગોવર્ધન,જતીપુરા અમર થયાં ,
વૃંદા વિંટળાતી નિધિવનમાં શ્યામને ;

રાધા રંગે બરસાનામાં બંસીધરને ,
નીર કાલિન્દીને વ્રજભૂમિ ધન્ય થયાં ;

હરિ ગોકુળમાં ગોવાળો સંગે ગાયો ચારે ,
ભાવે ભક્તોને ભવસાગરથી તારીયા ;

મથુરા,વનરાવન, વિશ્રામઘાટ ઘેલા થયાં,
શરદપૂનમનો અમર રાસ જામિયો;

યમુના વહેતી મદમાતી બેય કાંઠડે,
અનુપમ અનિલ તો વાયા કરે;

સોળ શણગારે ગોપીઓ રાસે રમે,
સ્નેહ સર્વાંગે વરસાવે કાનુડો;

વ્રજવનિતાઓ ઘેલી બને,
ભાન ભૂલીને ઘેરથીદોટ મૂકે;

મોહન એક અનેક રૂપે નાચતો,
જગ વિસરીને ગોપી રમે રાસડે;

અજબ સંગીતે બ્રહ્માંડ તો ડોલતું,
મીઠી સુગંધે વ્રજરજ મહેંકી ઊઠે;

સરજી સચરાચરને ઘનશ્યામે લીલા કરી,
દેવો ગગનમંડળથી નિરખી રહહ્યાં;

રાસમંડળમાં રાધેશ્યામ પ્રેમે રમે,
"પ્રપાશી"ભક્તિ કેરા ભાવથી ભીંજાઈ રહ્યો !

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 230**
વિષય : ચિત્રાઈ જઈશ હું તારા રંગે ,
તું શરુ તો કર થોડાં સ્નેહના રંગોથી
શીર્ષક : શ્યામના સપના
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૨૫

સખા તારી જ
પ્રીતનાં રંગે મને
રંગેલી કરી

ચૂંદડી તેં શ્યામ, રંગેલી કરી,
વાંસળીથી શ્યામ, તે ઘેલી કરી.

મેં કર્યા રસ્તા હૃદયમાં આવવા,
શ્યામ જો, મેં આંખમાં ડેલી કરી.

નીર ધારે ચાલતો તું આવજે,
પ્રેમરસની આજ મેં રેલી કરી.

બાવરી હું બાવરી વનવન ફરું,
શ્યામ શીદને ભાન ભૂલેલી કરી?

શ્યામ તું તો, રુક્ષ્મણિનો કંથ છે,
કેમ રાધા જગમહીં પહેલી કરી?

શ્યામ મળવા કુંજગલીઓમાં ફરું
વ્રજની ગોપીઓ મેં સાહેલી કરી.

ચૂલે આંધણ નાથ બળતાં જાય રે,
લોક હસતા, શ્યામ તેં છેલી કરી.

છોડ મુજ નાજુક કલાઈ કહાન તું
જો ચૂડીઓ તેં જ તુટેલી કરી.

શ્યામના 'સપના' નયનમાં હું સજુ
હેતની હૈયામાં તેં હેલી કરી.

-સપના વિજાપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO: 0059**
વિષય: 'ચિત્રાઈ જઈસ હું
તારાં રંગે'
પ્રકાર: પધ્ય
શીર્ષક રંગાયો હુ રંગમા
શબ્દો ૫૯
જયકાન્ત ઘેલાણી
"પ્યારે"

ગયો હતો હું તેને
હોળીના રંગે રંગવા

રંગાય ગયો હું આજ
તેના સ્નેહના રંગમા

ઊછળે પ્રેમના મોજા
ઘૂઘવે સાગરે મોજા

ખીલી આજ રંગીલી
ઈસ્કની મોજીલીમૌસમ

હૈયા મળ્યા બે દીલથી
બંધાયા સ્નેહ બંધનથી

પ્યારે આપજો આશિષ
પ્રેમથી રહિએ અમે નેહથી.

એનઓજી સાહિત્ય સરિતા
પ્યારે સદા વહેતી રહે સૌના દિલમા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : ચિત્રાઈ જઈશ તારા રંગે...
શીર્ષક : રાધા ની કહાણી....
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૦૫

છે રાધા શ્યામના અમર પ્રેમની કહાણી પ્રિત છે આ પુરાણી
ના દુજો કોઈ રંગ લાગ્યો એને એતો હૃદયના રંગે ચિતરાણી.

ના હતી કોઈ રાજરાણી ના હતી કોઈ ની પ્રેમભુખી પટરાણી,
હતી શ્યામસુંદર ના ચિત્તમાં અલૌકિક એની છબી અંકાણી.

લીન છે અંતરની આસક્તિમાં ને સુરતા શ્યામ સંગ સંધાણી.
એક બે ભવ નહી પણ પ્રીત્યું જન્મોજન્મ ની એવી બંધાણી.

બંસુરીના તાનમાં ગુલતાન એતો એની ધૂનમાં આંખો મિચાણી,
રગે રગમાં શ્યામ વહે ને એના હૃદયમાં વહે સ્નેહની સરવાણી.

મિત્ર રાધા વિના શ્યામ અધૂરો ને શ્યામ વિના રાધા ના દેખાણી,
જીંદગી આખી ઝૂરી ને જીવી, ના માગ્યું રાજ કે ના બની રાણી.

વિનોદ સોલંકી " મિત્ર " . લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :-"ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી"
શીર્ષક :- કૃષ્ણરંગી
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૨૧

અંબર, ધરતી, હવા, પહાડ, વર્ષા, પાન કૃષ્ણરંગી;
વૃંદાવનના ગાય ગોવાળ ને કણ કણ કૃષ્ણરંગી.

દેવકીનો ચિત્કાર ને યશોદાનો દુલાર કૃષ્ણરંગી;
બલરામનો સ્નેહ, સુભદ્રાની રાખડી કૃષ્ણરંગી.

કુબ્જા ને જરાસંઘ, મામા કંસનો વિનાશ કૃષ્ણરંગી,
બંસીના સૂર ને ગોવર્ધનનું આરક્ષણ કૃષ્ણરંગી.

ગોપીના માખણ મિસરી ને મીરાંની ભકિત કૃષ્ણરંગી;
નરસિંહના ભજન, સુદામાના તાંદુલ કૃષ્ણરંગી.

મથુરા, યમુના, વૃંદાવન, ગોકુળ, દ્વારિકા કૃષ્ણરંગી;
કૃષ્ણની પ્યારી રાધા ને રાજરાણી રુક્મિણી કૃષ્ણરંગી,

દ્રૌપદીના પ્રિય સખા બની ચીર પૂરતા કૃષ્ણરંગી,
કુરુક્ષેત્ર યુદ્ધે સારથિ બની ગીતાજ્ઞાન કૃષ્ણરંગી,

સંગ જો હો તારો ચિત્રાઈ જઈશ હું પણ કૃષ્ણરંગી,
તું શરૂ તો કરી દે થોડા સ્નેહના રંગોથી કૃષ્ણરંગી.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-"ચિત્રાઈ જઈશ હું તારા રંગે, તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી"
શીર્ષક :-તારા રંગે
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૧૭

કદંબ કેરી ડાળ ડાળ ચિત્રાઈ છે તારા રંગે,
યમુના કેરી પાળ પાળ ભીંજાઈ છે તારા રંગે.

વૃંદાવનનાં વૃક્ષો ને વ્રજ ભૂમિના કણ કણ,
ને વળી ગોકુળની ગાયો રંગાઈ છે તારા રંગે.

રાસ રમતી ગોપી કમળ પર ભમરો ગુંજે,
સૌના હોઠ પર વાગે શરણાઈ છે તારા રંગે.

નૃત્ય કરતી નારી અને ગાય ચરાવતા ગોપ,
આંખ મીંચીને મુરલી મહેંકાઈ છે તારા રંગે.

ચૌદ લોક બ્રહ્માંડે, આકાશે, પાતાળે, ગોવર્ધને;
હવે તો બસ મુરલી વગાડાઈ છે તારા રંગે.

ભલે હોય કળિયુગ, શીદ રહીએ બાકી અમે;
'હર્ષ'ની પ્રત્યેક રચના ગવાઈ છે તારા રંગે.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- ચિત્રાઈ જઈશ હું, તારા રંગે; તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષક :- 'જીવનના સ્નેહના રંગો'
પ્રકાર :- પદ્ય શબ્દ : ૧૨૧

સદૈવ સુપ્રભાતે થાય સૂર્ય દર્શન રંગ સોનેરી જ્યારે,
ધરતી રંગાઈ જાય, પ્રેમ ઊર્જા પ્રકૃતિ સુવર્ણરંગી ત્યારે.

એક મોરપિચ્છ મળે પછી રાધાશ્યામ રાસ અનંત રંગ,
આકાશે પ્રગટે બંસી બોલ, હૃદય પ્રેમરૂપા ભકિત સંગ.

ધોળી ધાવણ કેરી ધારાએ વહેતો એ માતૃપ્રેમ રંગ,
આવે રક્ષાબંધન અને ભગિની હૈયે પ્રેમ ઉમંગ રંગ.

લગ્નમંડપ શરણાઈના સૂરો, હસ્ત મેળાપ મિલન
આભાર - નિહારીકા રવિયા રંગ;
ઋણાનુબંધે જીવન સાથી સંગ, એક જ પ્રેમ રંગ.

સ્વજનો, પ્રિયજનો, મિત્રજનોના અનેક મેઘ ધનુષી રંગો;
જીવનયાત્રાએ, અનેક વિસામા, જોયા અનેક રંગો.

નિરખ્યા ગગને સૂર્ય, ચંદ્ર, તારા, બ્રહ્માંડ દર્શન રંગ;
પ્રેમ રસ, સ્નેહ સરિતા-સાગર, દ્વૈત-અદ્વૈત અદભૂત રંગ

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :373**
વિષય : ચિત્રાય જઈશ હું તારા રંગે,તું શરૂ તો કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષક : તારા રંગે
પ્રકાર :પદ્ય શબ્દ : ૬૧

ચિત્રાય જઈશ હું તારા રંગે,
તું થોડી કોશિશ તો કર.

સદા રહીશ હું તારા સંગે,
તું થોડી ફરમાઈશ તો કર.

બધે જ વહે છે માત ગંગે,
તું થોડી અજમાઈશ તો કર.

સંગાથે જઈશું આપણે જંગે,
તું થોડી શિફારિશ તો કર.

દિલ તો ચડ્યું છે આજ ઉમંગે,
તું થોડી ગુજારીશ તો કર.

લાગણી તો વહેશે મારી તરંગે,
તું થોડી ખ્વાઈશ તો કર.
રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - ચિત્રાઈ જઈશ તારા રંગે
શીર્ષક - તારા રંગે રંગાઈ
પ્રકાર - પદ્ય , શબ્દ - ૯૬.
.......................................
ખોબો ભરીને રંગ એટલે જ જીવન ,
એની સાથે રંગાવું મારે ,
જેમ જિંદગીની પતંગો ઉડે આકાશે રંગબેરંગી ,
એવું જીવન મારું રંગીન...!

રંગે રંગોથી રંગાઈ ગઈ હું તો ,
તારા પ્રેમનાં રંગમાં હોકે ,
સોપી મેં જિંદગી મારી તને , નિપુણૅ મુકું તારા પર ભરોસો હું..!

પોતીકા રૂપે આવી ઊભી હવે તારી પાસે ,
અંગે અંગ રોમે- રોમ હુંતો તારી, ઓલા વરણાગી મને બહાવરી કરી તુજ સંગ ,
દલડે દલડેથી ઓગળી તારી પર...!

ને તારા રંગે રંગાણી મરજીથી,
જેમ રાધાજી રંગાણા કૃષ્ણ સંઘ,
એમ હું રંગાણી તુંજ સંગ હું તો,
મારે પ્રેમ મેં રંગાવું તારા રંગે ..!

એમ બે ખોળીયા એક જ
આતમ ,
સંગ સંગ હરખાવું સંગ સંગ ખેલવું ,
એક જ હૈયે કીધાં હસ્તાક્ષર મેં તો..!
રાગિની શુક્લ "રાગ"મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No. : 0141***
★વિષય: "ચિત્રાઈ જઈશ..."★
★શીર્ષક: "કહ્યું મારું માને તો!"★
★પ્રકાર: અછાંદસ કાવ્ય★ ★શબ્દો: ૧૫૦★

રંગબેરંગી, ઘડી પળભરનો, વળી કાચિંડાનો તાન;
ભાવ માગતો, અહમ્ ભરેલો, જિદ્દીલું મારું ગાન;
કહ્યું મારું માને તો, જઈશ ચિત્રાઈ હું, રંગે તારા કાન!

બની રાધા, વનવન ભટકવું, કુંજગલીઓ વેરાન;
વેણું અધરે, ફૂંક રણકતાં સૂર, સમજતાં જાય સાન!
કહ્યું મારું માને તો, જઈશ ચિત્રાઈ હું, રંગે તારા કાન!

સામે ચાલી દુઃખ વહોરવું, કંઈ કરતાં, જતું રે' ભાન;
થોડા થોડા સ્નેહના રંગોથી, લૈલે એકેક, ક્ષણનું દાન!
કહ્યું મારું માને તો, જઈશ ચિત્રાઈ હું, રંગે તારા કાન!

કામણ તારું, યુગયુગોથી સૌને, ભોગવતો ભારે માન;
મોહિની પણ કેવી? થતું રહેતું, સતત પ્રેમનું પાન!
કહ્યું મારું માને તો, જઈશ ચિત્રાઈ હું, રંગે તારા કાન!

દૂર ના જાવું, મમ સંગજ હરખાવું, કદી ન લેવી જાન;
બીજી શરતો કે, ના તરસાવવું, રઝળે ના રાંધ્યાં ધાન!
કહ્યું મારું માને તો, જઈશ ચિત્રાઈ હું, રંગે તારા કાન!
રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

વિષય: "ચિતરાઈ જઈશ હું તારા રંગે તું શરૂ તો કર સ્નેહના રંગે"
પ્રકાર: ગદ્ય
શીર્ષક: 'ધરતી' શબ્દ.૧૯૬

કેટલો સરસ વિષય છે! કોઈના રંગે રંગાઈ જવું એટલે પોતાને ભૂલીને સંપૂર્ણ રીતે બીજા જેવું થઈ જવું, એટલે કે તેમનું મન ગમે તેમ બનવું. પણ એ ક્યારે શક્ય બને? હા, ત્યારે જ્યારે એ રંગ સ્નેહ અને પ્રેમનો હોય. જેમ રાધા, મીરા અને ગોપીઓ શ્રીકૃષ્ણના પ્રેમમાં રંગાઈ ગયા હતા, જ્યાં ખુદ ભગવાન શ્રીકૃષ્ણે પણ દરેક ગોપી સાથે રાસ રમવા માટે અનેક સ્વરૂપો ધારણ કર્યા હતા. જ્યાં શ્રીકૃષ્ણ એક જ હતા, પણ સ્વરૂપ અનેક.

બસ તેમ જ જો કોઈ પોતાના સ્નેહથી આપણને રંગે, તો એ જે રંગે રંગે છે, એ રંગે ચિતરાઈ જવાનું મન થાય. શું કોઈએ ક્યારેય પ્રેમનો રંગ જોયો છે? ના, એનો રંગ દરેક વ્યક્તિ માટે અલગ છે. કોઈને રાધા જેવો પ્રેમનો રંગ ગમે છે, તો કોઈને મીરા જેવો. કોઈને માતા સીતાનો શ્રીરામ પ્રત્યેનો પ્રેમનો રંગ ગમે છે, તો કોઈને માતા પાર્વતીનો દેવાધિદેવ મહાદેવ સાથેનો પ્રેમનો રંગ.

દરેકના પ્રેમના રંગ ભલે અલગ હોય, પરંતુ એમાં એક સામ્ય છે, અને એ છે સ્નેહનો રંગ. જો આ આખી દુનિયા પણ આ રીતે સ્નેહના રંગથી ભરાઈ જાય, તો આ ધરતી સ્વર્ગ બની જાય.

લેખિકા: સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 371**
વિષય : ચિત્રાઈ જીઈશ હું તારા રંગે, તું શરુ તો કર થોડા સ્નેહના રંગોથી
શીર્ષક: કાન ઘેલી રાધા
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૯૦

કરું વાત આજ હું આપને થઈ કાન ઘેલી રાધાની,
શાન ભાન ભૂલીને આમ તેમ ફરતી રાધા રાણીની.

રોમ રોમમાં જેના શ્યામ સમાયાને કહેવાયા રાધેશ્યામ,
ચૌદ ભુવનના નાથની સંગાથે અદ્ભુત રાસ રચ્યાની.

કરી નહીં કયારેય પરવા આ સ્વાર્થી દુનિયાની,
બની બાવરી,
છોડી લોકલાજને રંગાઈ ગઈ શ્યામના રંગે રાધા રાણીની

ન એ રાણી બની કાનાની કે ન પટરાણી બની,
છતાં ચોતરફ હર મંદિરમાં પુજાણી મુર્તિ રાધેશ્યામની .

જે સાશ્વત પ્રેમની અભિવ્યક્તિ જેમાં એવી પ્રેમકહાની જેની,
રંગાઈ પ્રીતના રંગમાંને બની કાનાની પ્રેરણા એ રાધા રાણીની.
કરું વાત આજ હું આપને થઈ કાન ઘેલી રાધાની

ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ છોટાઉદેપુર

# દેશના રાષ્ટ્રિય પર્વ ૭૬માં ગણતંત્રદિન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે ધ્વજવંદન

દેશના રાષ્ટ્રિય પર્વ ૭૬માં ગણતંત્રદિન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત મોટી સંખ્યામાં કાર્યકરો - આગેવાનોને શુભેચ્છા સાથે સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, દેશમાં બંધારણ લાગુ થયાના ૭૫ વર્ષ પૂર્ણ થયાં છે. સંપૂર્ણ બહુમતિ હોવા છતાં કોંગ્રેસ પક્ષ દ્વારા બંધારણ ડ્રાફ્ટીંગ સમિતિના ચેરમેન તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને જવાબદારી આપવામાં આવી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું માનવું હતું કે, "જો સત્તામાં બેઠેલા લોકો ખોટા હશે તો ગમે તેટલુ સારૂ બંધારણ પણ કામ લાગશે નહી." દેશના બંધારણ અને સરકારના માલીક પ્રજા છે પરંતુ આજે પ્રજા માલીક હોય તેવું દેખાતુ નથી. હાલના શાસકો બંધારણમાં છેડછાડ કરી રહ્યાં છે જે દેશ માટે ચિંતાનો વિષય છે. ૨૫ નવેમ્બર ૧૯૫૦ના રોજ સંસદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના ઐતિહાસીક પ્રવચનમાં તેમણે કોંગ્રેસ પક્ષના શિસ્તને બિરદાવી હતી. દેશનું બંધારણ જે કાયદાનું અમલીકરણ કરાવે છે તેમાં આર્ટીકલ ૧૪ પ્રમાણે કાયદો તમામ માટે એકસરખો છે. પરંતુ સાંપ્રત સમયમાં કાયદો સત્તાપક્ષ અને વિરોધપક્ષ માટે જુદો જુદો છે, જે ચિંતાનો વિષય છે. પુજ્ય મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં દેશમાં આઝાદી માટેનું જનઆંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. આઝાદી બાદ ભારત દેશને દુનિયાનું સૌથી સર્વશ્રેષ્ઠ બંધારણ આપવા માટે ૨૮૪ જેટલા તજજ્ઞોએ રાતદિવસ મહેનત કરીને વિવિધતામાં એકતા, સર્વોદયની વિભાવનાને સાર્થક કરતું બંધારણ દેશને આપ્યું. ૨૯ ભાષા, ૧૬૦૦ થી વધુ બોલીઓ, ધર્મ-જ્ઞાતિ-જાતિ-રંગ અને પરંપરામાં વિવિધતા એ ભારત દેશની મુડી છે. સર્વ ભારતીયોને જોડતા બંધારણને લાગુ કરવાની તારીખ આઝાદી મળતા પહેલા ૧૯૨૯માં કોંગ્રેસની મહાસભામાં સ્વતંત્ર સેનાનીઓ દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. ૧૯૪૮માં આઝાદી મળ્યા બાદ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦માં આ બંધારણ લાગુ કરાયુ હતું, જે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ બાબત છે. આપણી સાથે આઝાદ થયેલા પાકિસ્તાનમાં ઘણી વખત સૈન્ય શાસન લાગુ થઈ જાય છે. પરંતુ ભારતમાં સર્વશ્રેષ્ઠ બંધારણ-સંવિધાનને કારણે ભારતનું લોકતંત્ર ટકી રહ્યું છે.યુવાનો, વેપારી, ખેડૂત સહિતના લોકો આજે આઝાદ નથી, છેલ્લા ઘણા સમયથી સત્તામાં બેઠેલાં લોકોની નિતિ - પધ્ધતિ જન વિરોધી છે. પ્રજાસત્તાક એટલે પ્રજાના હાથમાં રોજગાર, નોકરીની તકો, આરોગ્ય સુવિધા, શિક્ષણની વ્યવસ્થા વગેરે જેવી પાયાની સુવિધાઓ મળતી હોય તેમ જણાતુ નથી.

રાજીવ ગાંધી ભવન ખાતે ગણતંત્ર દિન નિમિત્તે યોજાયેલ ધ્વજવંદનના રાજ્યસભા સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, એ.આઈ.સી.સી. સેક્રેટરીશ્રી ઉષા નાયડુ, શ્રી ભુપેન્દ્ર મારાવી, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, અમદાવાદ શહેર પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શહેઝાદખાન પઠાણ, સહિત મોટી સંખ્યામાં પ્રદેશ-શહેરના પદાધિકારીઓ, દરેક ફ્રન્ટલ સેલના આગેવાનો કાર્યકરો જોડાયા હતા અને ધ્વજવંદનના કાર્યક્રમમાં સેવાદળના કાર્યકારી પ્રગતિ આહિર અને અધ્યક્ષશ્રી કિરણ પ્રજાપતિએ કાર્યકર્તાઓ-આગેવાનોને રાષ્ટ્રધ્વજને સલામી અપાવી હતી.



અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૨૬મી જાન્યુઆરી એટલે કે ૭૬ મો ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ ભાગ લીધો. ગણતંત્ર દિવસની ઉજવણીમાં એન્કરીંગ કરી રહેલા અપેક્ષાબેને દરેકનું હૃદય જીતી લીધું હતું.



કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ પર કાંદિવલી વ્યાયામ મંદિર દ્વારા સંચાલિત કાંદિવલી રિક્રીએશન કલબ (કે આર સી) ના પ્રાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કમિટીના સભ્ય મિનેશ શાહે ધ્વજ વંદન કર્યું હતું. કેઆરસીના પ્રમુખ સંજય શાહ, સેક્રેટરી ગૌતમ આચાર્ય, ટ્રસ્ટીઓ, કમિટીના સભ્યો, કેઆરસીના સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે દેશભકિતના ગીત વગાડયા હતા અને સ્વતંત્ર્યસેનાનીઓને યાદ કરાયા હતા.



નિરમા યુનિવર્સિટીએ ભારતના ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિરમા યુનિવર્સિટી કેમ્પસ ખાતે ધ્વજવંદન સમારોહ દર્શાવતી વાઈબ્રન્ટ ઈવેન્ટ સાથે કરી હતી.આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી કેશવ વર્મા, ૧૯૭૬ બેચના ગુજરાત કેડરના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ ભારતીય વહીવટી સેવા અધિકારી (છજી) અને વિશ્વ બેંકમાં બહોળો અનુભવ ધરાવતા વૈશ્વિક શહેરી વિકાસ નેતાની ઉપસ્થિતિમાં હાજરી આપી હતી. શ્રી વર્માનો અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર તરીકે સિદ્ધિનો અસાધારણ અને અગ્રણી રેકોર્ડ હતો, જ્યાં તેમણે સંસ્થાને કાયાકલ્પ કર્યો અને ગ્રાઉન્ડબ્રેકિંગ શહેરી પહેલનો અમલ કર્યો



★સિહોર ખાતે ભાવનગર જિલ્લા કક્ષાના ૭૬માં પ્રજાસત્તાક દિને કેબિનેટ શિક્ષણમંત્રી શ્રી ડૉ કુબેરભાઈ ડીડોરીના હસ્તે કલાપથ સંસ્થાનાં કુશલ દીક્ષિતનું સન્માન કરવામાં આવ્યું★

૨૬ જન્યુઅરી-૨૫નાં રોજ ૭૬માં પ્રજાસત્તાકદિને સિહોર ખાતે ગુજરાતના કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીડોરીનાં હસ્તે ધ્વજવંદન થયા બાદ વિવિધક્ષેત્રોમાં સિદ્ધિ હાંસલ કરનારી વ્યક્તિઓને સન્માનિત કરાયા હતા જેમાં ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા નૃત્ય વિભાગનો ગૌરવ પુરસ્કાર-૨૩ જાહેર થવા બદલ ભાવેણાની શિરમોર કલા સંસ્થા કલાપથનાં સંચાલક કુશલ દીક્ષિતનું શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીડોરીના હસ્તે સન્માનપત્ર એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું

## ભવન્સ કોલેજ ડાકોરમાં મોડેલ કરિયર સેન્ટર, નડીયાદ દ્વારા તાલુકા લેવલ જોબ ફેર એન્ડ સેલ્ફ એમ્પલોઈમેન્ટ ગાઈડન્સ અંગે સેમિનાર યોજાયો




ભારતીય વિદ્યાભવન સંચાલિત ભવન્સશ્રી ઈશ્વરલાલ એલ. પંડ્યા આર્ટ્સ -સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજ, ડાકોરમાં' મોડેલ કરિયર સેન્ટર, નડીયાદ દ્વારા તાલુકા લેવલ જોબ ફેર એન્ડ સેલ્ફ એમ્પલોઈમેન્ટ ગાઈડન્સ ' અંગે સેમિનાર યોજાયો હતો.વિવિધ કંપનીઓ દ્વારા કોલેજમા ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા હતા. કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ તથા ઠાસરા તાલુકાના નોકરી મેળવવાની ઈચ્છા ધરાવનાર ઇચ્છુકોએ મોટી સંખ્યામાં આ જોબ ફેરમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આર્ટ્સ વિભાગના સંયોજક ડૉ. એ. કે. ચૌધરી અને નેક સંયોજક ડૉ. સહજ ગાંધીએ ઉપસ્થિત રહીને પધારેલ અતિથિઓનો પરિચય કરાવી મોડલ કરિયર સેન્ટર નડિયાદના યંગ પ્રોફેશનલ જનક પંડ્યા સાહેબનું પુષ્પગુચ્છ થી સ્વાગત કર્યું હતું તથા ડૉ. સહજ ગાંધીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ઉદીશા સેલના કન્વીનર ડૉ. ઈશિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્ય ડૉ. ટી. આર. ત્રિવેદી તથા ભવન્સ ડાકોર કેન્દ્રના માનદમંત્રી નિકિતાબેન ગાંધીએ આ કાર્યક્રમ માટે પરોક્ષ રીતે શુભેચ્છા પાઠવી હતી.

## ડાંગના ધારાસભ્ય-વ-નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલે વઘઇ ડુંગરડા રોડનું ખાતમુહૂર્ત કર્યું



આહવા

ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે આજરોજ વઘઈ ચાર રસ્તા પાસે, વઘઈ ડુંગરડા રોડ જે કુલ રકમ ૦.૬૦ કરોડના ટેન્ડરની રકમ થી મંજુર થયેલ, ચે. ૦/૦ થી ૬/૦ (વ. સે. કી. મી. ૦/૦ થી ૧/૦) નું રોડનું ખાતમુહૂર્ત કર્યું હતું.આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, ભાજપા પાર્ટી પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત સહિતના પદાધિકારીશ્રીઓ તેમજ માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કાર્યપાલક ઈજનેર શ્રી કેતન કુંકણા, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી એમ.આર.પટેલ સહિતના અધિકારીશ્રીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## વ્યારા ખાતે તાપી જિલ્લા પોલીસ દ્વારા આયોજીત પોલીસ એક્સ્પોને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



- ૭૬માં રાજયકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણી પૂર્વે તાપી જિલ્લા પોલીસ દ્વારા સૌમ્ય, શૌર્ય, ધીરજ અને તકનીકી કુશળતાને પ્રદર્શિત કરતા પોલીસ એકસપોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લો મુકાયો હતો. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ શસ્ત્ર પ્રદર્શનમાં ઉપસ્થિત સુરક્ષા દળો દ્વારા વપરાતા અત્યાધુનિક શસ્ત્રોને રસપૂર્વક નિહાળ્યા હતા.

વ્યારા પોલીસ હેડકવાર્ટર ખાતે તાઃ૨૭ મી જાન્યુઆરી સુધી ચાલનારા ત્રિ-દિવસિય પોલીસ એક્સ્પો સમાજના પ્રત્યેક નાગરિકને જવાનોની કર્તવ્યનિષ્ઠા અને દેશ પ્રત્યેના સમર્પણની ભાવનાને ઉજાગર કરતી કામગીરી નિહાળી શકશે. તાપી જિલ્લાના નાગરિકો એક્સ્પોને સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી નિહાળવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ શસ્ત્ર પ્રદર્શનમાં પોલીસની કામગીરીમાં ઉપયોગી એવા આધુનિક હથિયારો અને પોલીસ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુનાઓના ઉકેલ માટે કરવામાં આવતી કામગીરીને રજુ કરતા ૩૫ સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમાં ચેતક કમાન્ડો ફોર્સ, બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, સી-ટીમ, એલસીબી, એસ.ઓ.જી, સાયબર સુરક્ષા, એસ.ડી.આર.એફ, મરીન ટાસ્ક ફોર્સ, એટીએસ, બીડીડીએસ, એફ.એસ.એલ., ટ્રાફિક સહિત વિવિધ જવાનોની ટુકડીઓની સેવા અને કામગીરી દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શનીમાં વિવિધ ટુકડી કેવી રીતે દેશની આંતરિક અને બ્રાહ્ય સુરક્ષા માટે ખડેપગે નિસ્વાર્થ ભાવે સેવા આપે છે તે અંગેની માહિતી સ્ટોલ મારફતે પ્રદર્શિત કરવામાં આવી છે. આ અવસરે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, રાજયના ડીજીપી શ્રી વિકાસ સહાય, જિલ્લા પ્રભારી સચિવ મિલિંદ તોરવણે, જિલ્લા કલેકટર ડૉ. વિપિન ગર્ગ, રેન્જ આઈજી પ્રેમવીર સિંહ, જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં ૭૭૦૦થી વધુ ખેડૂતોએ સોલાર પંપનો ઉપયોગ શરૂ કરીને વીજળીની બચત કરી



ગાંધીનગર, ૨૭ જાન્યુઆરી : પ્રધાનમંત્રી કુસુમ યોજના અંતર્ગત ખેડૂતોને સોલાર પંપ લગાવવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આ યોજનાના વ્યાપક અમલીકરણ માટે સક્રિયપણે કામગીરી કરવામાં આવી રહી છે. જેના પરિણામે રાજયમાં ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૭૭૦૦થી વધુ ખેડૂતોએ ઓફગ્રીડ સોલાર પંપ સ્થાપિત કર્યા છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ખેડૂતોને ?૨૧૮ કરોડથી વધુની સબસિડી ચૂકવી છે જેમાં અંદાજિત ૭૦ ટકા સુધીની રકમની સહાય આપવામાં આવે છે. ખેડૂતોને ઓફગ્રીડ સોલાર પંપની મદદથી વીજળીમાં બચત થવાની સાથે પર્યાવરણને પણ ફાયદો થઈ રહ્યો છે. ખેતરોમાં સિંચાઈ માટે પાણી અને વીજળીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરાવવા અને સૂર્ય ઊર્જાનો ઉપયોગ થાય તે માટે વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાઅભિયાન (પી.એમ. કુસુમ) યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ લઈને અનેક ખેડૂતો પ્રદૂષણમુક્ત વીજળીનો ઉપયોગ કૃષિમાં કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા માર્ચ ૨૦૨૬ સુધીમાં ૧૨૩૮૨ સ્ટેન્ડઅલોન ઓફ ગ્રીડ સોલાર પંપ સ્થાપિત કરવા ગુજરાત રાજ્યને સેન્ક્શન આપવામાં આવ્યું છે. જુનાગઢના ભેંસાણ તાલુકાના હડમતિયા(ખાખરા) ગામે રહેતા લાભાર્થી વિજયાબેન વી આસોદરિયા જણાવે છે કે આ પંપ લગાવ્યા બાદ દિવસ દરમિયાન આઠથી દસ કલાક સુધી અમે પંપ ચલાવીએ છીએ અને તેમાં કોઈ પણ જાતના વીજળીના સપ્લાયની જરૂર રહેતી નથી. આ પંપમાં પાંચ વર્ષ સુધી કોઈ નિભાવ ખર્ચ રહેતો નથી અને ખેતીમાં ઉપજ અને આવકમાં વધારો થયો છે. સાથે આ પંપ સૂર્ય ઊર્જાથી ચાલતો હોવાથી પ્રદૂષણ પણ થતું નથી.

આ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં સૌથી વધારે ૫૧૦૦થી વધુ સોલાર પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે. સોલાર પંપની સંખ્યાની દૃષ્ટિએ ટોપ ટેન જિલ્લામાં નર્મદા બાદ વલસાડ ૪૬૦થી વધુ, બનાસકાંઠા ૪૫૦થી વધુ, ડાંગ ૩૨૦થી વધુ, મહિસાગર ૨૬૦થી વધુ, ગીર સોમનાથ ૨૨૦થી વધુ, છોટાઉદેપુર ૧૮૦થી વધુ, તાપી ૧૬૦થી વધુ, કચ્છ ૧૩૦થી વધુ અને નવસારી ૧૦૦થી વધુનો સમાવેશ થાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.